# ગુજરાતમિત્ર

## ગતિવિધિ

## GSFC યુનિવર્સીટી તથા ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઑફ વુલોન્ગોંગ દ્વારા MOU




વડોદરા : GSFC યુનિવર્સીટી તથા ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટી ઑફ વુલોન્ગોંગ (UoW) (ઈન્ડિયાકેમ્પસ) દ્વારા (MoU) પર હસ્તાક્ષર -વિશ્વસ્તરીય સહયોગ તરફ એક મજબૂત પગલું ભરવામાં આવ્યું છે. GSFC યુનિવર્સીટી દ્વારા ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ઑફ વુલોન્ગોંગ, ઈન્ડિયા કેમ્પસ વચ્ચે આજરોજ સંયુક્ત સંશોધન, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓની આપલેની પ્રવૃત્તિઓ, સંયુક્ત શૈક્ષણિક કાર્યક્રમો, તાલીમ અને વિવિધક્ષેત્રે વિકાસના પ્રોજેક્ટ્સ ઉપર સંયુક્ત સહયોગ પ્રદાન કરવા માટે એક સમજૂતીપત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ MOU થકી એક માર્ગદર્શક વૈશ્વિક ભાગીદારીના નવાયુગનો આરંભ થશે. GSFC યુનિવર્સિટીના વા.ચા. પ્રોફેસર જીઆરસિન્હા તથા યુનિવર્સિટી ઑફ વુલોન્ગોંગ, ઈન્ડિયા કેમ્પસ તરફથી કેમ્પસ ડિરેક્ટર નિમય કલ્યાણી દ્વારા MOU પર હસ્તાક્ષર કરાયા હતા. આ વૈશ્વિક સહયોગ ભવિષ્યમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે અભ્યા સઅનેસંશોધનના વધુ સમૃદ્ધ અવસરો ઉપલબ્ધ કરાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રસંગે યુનિવર્સિટી ઑફ વુલોન્ગોંગ તરફથી એગ્ઝેક્યુટિવ ડિરેક્ટર -બિઝનેસ ડેવલપમેન્ટ મિસ.કેથમેક કોલિમ તથા પ્રોફેસર ઓફ કમ્પ્યુટિંગ પ્રો. કિરણ ત્રિવેદી તથા GSFC યુનિવર્સિટીના ડિરેકટર(એડમીન) આર બી પંચાલ તથા અન્ય શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા મફત આંખ તપાસ કેમ્પ



વડોદરા :બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહયોગથી શહેરની સાંઈનાથ સહકારી સોસાયટી ખાતે મફત આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો 56 લાભાર્થીઓએ લાભ લીધો હતો. કેમ્પમાં માત્ર સોસાયટીના રહેવાસીઓ જ નહીં, પરંતુ અન્ય નાગરિકોએ તેમની આંખો તપાસી હતી. જેમને ચશ્માની જરૂર હતી તેમને મફત ચશ્મા આપવામાં આવ્યા હતા. કેમ્પ દ્વારા, નાગરિકોમાં દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓ ઓળખવામાં આવી હતી અને તેમને યોગ્ય સારવાર માટે સલાહ આપવામાં આવી હતી. બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નાગરિકોના સ્વાસ્થ્ય માટે સતત કાર્યરત છે અને ભવિષ્યમાં પણ આવી આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરતા રહેશે.

## સિઝનની પ્રથમ યુટીટી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2025નો ઉદ્ઘાટન સમારોહ




વડોદરા : સીઝનની પ્રથમ યુટીટી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ - ૨૦૨૫નો ઉદ્ઘાટન સમારોહ વડોદરાના સમા સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં નરસિમ્હા કોમર - IPS - પોલીસ કમિશનર- વડોદરા, બિપ્લોદ બિસ્વાસ - એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ગુજરાત રિફાઈનરી- IOCL, કમલેશ મહેતા - સેક્રેટરી જનરલ TTFI, મેહુલ દવે - DY GM પ્રાદેશિક વડા - બેંક ઓફ બરોડા, ઝીનત બામ્બુવાલા - એજીએમ, ડિપોઝિટ અને VAS - વડોદરા - સ્ટેટ બેંક of ઈન્ડિયા, મોનાલિસા બરુઆ મહેતા- અર્જુના એવોર્ડી, પૂર્વેશ જરીવાલા - ઉપપ્રમુખ - TTFI જયાબેન ઠક્કર - ઓર્ગેનાઈઝીંગ ચેરપર્સન, એન ગણેશન - કોમ્પીટીશન મેનેજર, રોહન ભાણાગે - સીઈઓ સમા સ્પોર્ટ્સ સ્ટેડિયમ અને કલ્પેશ ઠક્કર - સંગઠન સચિવ હાજર હતા.

**જનસંપર્ક વિભાગની "તિરંગા યાત્રા"ના ખર્ચની વધારાની દરખાસ્તને મંજૂરી અપાઈ**

# પશ્ચિમ ઝોન ઈજારામાં રૂ.1.25 કરોડનો વધારો, ડ્રેનેજ સહિત 9 કામો મંજૂર

**દક્ષિણ** ઝોનમાં રૂ.1 કરોડના ડ્રેનેજ કામને સ્થાયી સમિતિમાં લીલી ઝંડી મળી

(પ્રતિનિધી) વડોદરા, તા.8
વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં પશ્ચિમ ઝોનના વાર્ષિક ઈજારામાં રૂ.1.25 કરોડનો વધારો કરવા સહિત કુલ 9 કામોને મંજૂરી આપવામાં આવી છે. બિલ્ડિંગ પ્રોજેક્ટ શાખા દ્વારા અંગણવાડી, શાળા, અતિથિગૃહ, સેનેટરી ઓફિસ, કંપાઉન્ડ વોલ જેવી સરકારી ઈમારતોની મરામત, નિભાવણી અને નવિનીકરણ માટે વાર્ષિક ઈજારો કરવામાં આવે છે. વર્ષ 2024-25 માટે પશ્ચિમ ઝોનમાં રૂ.5 કરોડના અંદાજ સામે યુનિટ રેટથી 15 ટકા ઓછા દરે રાજેશ રોહિતકુમાર કોન્ટ્રાક્ટરનું ભાવપત્ર મંજુર થયું હતું. બાદમાં મર્યાદામાં રૂ.3 કરોડનો વધારો કરીને કુલ રૂ.8 કરોડ કરવામાં આવ્યા હતા. હાલમાં રૂ.7.99 કરોડનો ખર્ચ થઈ ગયો છે અને ચાલુ કામ માટે વધારાના રૂ.2 કરોડની જરૂર છે. નવો ઈજારો મંજુર ન થાય ત્યાં સુધી કામગીરી ચાલુ રાખવા માટે રૂ.1.25 કરોડનો વધારાની દરખાસ્ત સ્વીકારવામાં આવી છે.

દક્ષિણ ઝોનમાં નવા ડ્રેનેજ નળીકા નાખવાના રૂ.4 કરોડના કામમાં રૂ.1 કરોડ + GST વધારાની ભલામણ કમિશ્નરે કરી હતી. આ કામ મે. જે. એસ. કપ્તાનને યુનિટ રેટના 17.50% ઓછા દરે આપવાનું છે. વોર્ડ નં. 11માં અરુણદીપ કોમ્પ્લેક્સ, વહીવટી વોર્ડ-18માં મથુરેશ એપાર્ટમેન્ટ અને વેમાલી એસટીપી પમ્પિંગ સ્ટેશન નજીક પડેલા ડ્રેનેજ ભંગાણોની તાત્કાલિક દુરસ્તી માટે જાહેર વિજ્ઞાપન વિના કરાયેલા કામમાં રૂ.11.32 લાખ + GST ખર્ચ થયો છે. આરટીઓ પમ્પિંગ સ્ટેશનના ત્રણ વર્ષના ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે મે. લક્ષ્મી એન્જિ. વર્કસને રૂ.48.86 લાખમાં લોએસ્ટ ટેન્ડર મળ્યું છે. શહેરના તળાવો, રસ્તા અને મહાનગરપાલિકા ઈમારતોમાં તહેવારો સિવાયના પ્રસંગોએ લાઈટિંગ માટે વાર્ષિક રૂ.50 લાખની મર્યાદા બાદ વધારાનો ખર્ચ જૂના દરે ચૂકવાશે. પૂર્વ ઝોનમાં કલાદર્શન સર્કલથી વાઘોડિયા પમ્પિંગ સુધીની જૂની નળીકા દુરસ્તી માટે જાહેર વિજ્ઞાપન વિના કરાયેલા કામમાં રૂ.13.19 લાખ + GST ખર્ચ થયો છે. વોર્ડ નં. 12માં કલાલી ગામ નજીક રામકૃષ્ણ પરમહંસ હોસ્પિટલ પાસે હયાત ડ્રેનેજ લાઈનની મરામત માટે રૂ.9.21 લાખ + GST ખર્ચ થયો છે. જનસંપર્ક વિભાગ દ્વારા ₹હર ઘર તિરંગા અભિયાન₹, વિવિધ સ્પર્ધાઓ અને ₹તિરંગા યાત્રા₹ સહિતના કાર્યક્રમો માટે જરૂરી તમામ ખર્ચ અને વ્યવસ્થાઓને પણ મંજુરી આપવામાં આવી છે.

# આદિવાસી દિવસ નિમિત્તે શહેરના 3 ફોટોગ્રાફરોને એવોર્ડ

**ફોટોગ્રાફી** એકેડેમિક ઓફ ઇન્ડિયા આંધ્ર પ્રદેશ દ્વારા સ્પર્ધા યોજાઇ







(પ્રતિનિધી) વડોદરા, તા.8
ફોટોગ્રાફી એકેડેમિક ઓફ ઈન્ડિયા આંધ્ર પ્રદેશ દ્વારા જુદા જુદા પ્રસંગોએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે, પરંતુ એ ગર્વની વાત છે કે ફક્ત IPC અને PAI એ વ્યાવસાયિક અને કલાપ્રેમી ફોટોગ્રાફરોને તેમના દ્રષ્ટિકોણથી શહેરી પ્રેક્ષકોને આદિવાસી સંસ્કૃતિ પ્રદર્શિત કરવા માટે પ્રોત્સાહિત કરીને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવાની પહેલ કરી છે. સ્પર્ધામાં ભાગ લેનાર વડોદરાના ફોટોગ્રાફરમાંથી ત્રણ ફોટોગ્રાફરની આદિવાસી ફોટો ઓફ ધ યર તરીકે પસંદગી થઈ છે. જેમાં ધર્મેશ રાજપુત, નારાયણ પટેલ અને ધર્મેશ પારેખના ફોટાની પસંદગી થઈ છે.

આ ઉજવણી આંધ્રપ્રદેશ ક્રિએટિવ કલ્ચર કમિશન આંધ્રપ્રદેશ સરકાર દ્વારા ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફિક કાઉન્સિલ અને ફોટોગ્રાફી એકેડેમી ઓફ ઈન્ડિયાના સહયોગથી યોજાઈ રહી છે.

**આરોપી અરજદારે રજીસ્ટર્ડ બ્રોકરેજ એજન્ટ હોવાનું દર્શાવી ફરિયાદીને શેર બજારમાં રોકાણ કરવા ફરજ પાડી મોટી રકમ ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી**

# રૂ.47.60 કરોડ ઉપરાંતની ઠગાઈમાં આરોપીના સોમવાર સુધીના રિમાન્ડ

**કેસમાં** ડીજીપી અનિલ દેસાઇએ આરોપીના પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડની માગણી કરતાં કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

(પ્રતિનિધી) વડોદરા તા.08
સીઆઈડી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર માં બી.યુ.ડી.એસ.અને આઈ ટી એક્ટ ની કલમો મુજબ નોધાયેલા ગુનામાં ફરિયાદીને સોશિયલ મીડિયા (વોટ્સએપ) થકી સંપર્ક કરી પોતાને કાલ્પનિક કંપની 'સિટાડેલ એલ.એલ.સી' ના અધિકારી હોવાનું જણાવી રજીસ્ટર્ડ બ્રોકરેજ એજન્ટ નો દાવો કરી L.LC, અને ફરિયાદીને ₹SVIP સ્ટોક માર્કેટ ટિપ્સ ગ્રુપ₹ નામના વોટ્સએપ ગ્રુપમાં ઉમેર્યો અને તેને વિવિધ કંપનીઓના શેરમાં રોકાણ કરવા માટે સૂચના આપી તેઓની કંપનીની વેબસાઈટો પર ખાતું બનાવી આપી અલગ અલગ બેંક ખાતાની વિગતો મોકલી આપી કુલ્લે રૂ.47,60,90,027નુ શેરમાં રોકાણ કરાવી કરેલ રોકાણના રૂપિયા રીર્ટન સાથે પરત નહીં આપી છેતરપીંડી કરેલ હોય જે છેતરપીંડીની રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થતા હોય જેની તપાસ દરમ્યાન જણાઈ આવેલ કે આરોપીઓએ ફરીયાદી પાસે તા.03-10-2024 ના રોજ રૂ.30 લાખ,રૂ.35 લાખ તેમજ તા.05-10-2024 ના રૂ.30 લાખ એમ કુલ રૂ.95 લાખ જમા કરાવેલ જે ખાતામાંથી કે વી એન્ટરપ્રાઈઝ ખાતામાંથી બારોબાર પોતાનું કમિશન રૂ.6.80 લાખ મેળવી ગુનો આચરતા ઈસમના આ ગુનામાં સંડોવાયેલા મનીષ વિજયકુમાર ઠાકુર રહે. આત્રે આઈવાન -3,બી-2,203, નિયર બ્રાઈટ સ્કૂલ,નાના ચિલોડા, નરોડા, અમદાવાદ નાઓ જણાતાં તેઓની તા.07-08-2025 ના રોજ 18:05વાગે અટક કરવામાં આવી હતી.

જે ગુનાના કથિત ગુનામાં સીધી સંડોવણી સાથે સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખીને આ મામલે લેફ્ટનન્ટ પી.પી. અનિલ દેસાઈએ ધારદાર દલીલો અને રજૂઆતો કરી હતી અરજદારઆરોપી મનીષ વિજયકુમાર ઠાકુર વિરુદ્ધ મજબૂત પ્રાથમિક પુરાવા હોવાથી તથા તપાસ બાકી હોય તેના પાંચ દિવસ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવાની માગણી કરી હતી જે રજૂઆતને ગ્રાહ્ય રાખીને ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી મનીષ વિજયકુમાર ઠાકુર ના તા. 11-08-2025 સાડા ચાર વગ્યા સુધીના દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ડભોઈમાં હડકાયા શ્વાનનો આંતક : 15ને બચકા ભર્યા

ડભોઇમાં રખડતા કુતરા અને રખડતા ઢોરોનો ત્રાસ જોવા મળે છે

(પ્રતિનિધી) ડભોઈ, તા.8
ડભોઈના રબારી વાગામાં રખડતા હડકાયા કુતરાએ 15 જેટલા વટેમાર્ગુઓને બચકા ભરતા નગરમાં ભયનો માહોલ સર્જાયો છે કહે છે નગરપાલિકા પાસે રખડતા ઢોર અને રખડતા શ્વાન માટે કોઈ આયોજન ન હોવાને કારણે રાહદારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે શ્વાને બચકા ભરેલા ઈસમોને લોહી નિતરતી હાલતમાં સરકારી દવાખાને લઈ જવામા આવ્યા હતા અને દવાખાના માં એક વખતે અફરાતફરી મચી જવા પામી હતી એક સાથે આટલા બધા દર્દીઓ અને એમના સગાસંબંધીઓ થી દવાખાનું ઉભરાઈ ગયું હતું નગરપાલિકા રખડતા શ્વાન નો કોઈ કાયમી ઈલાજ કરે એ સમયની માંગ!

# શહેરમાં 15 દિવસમાં 100 રખડતા ઢોર પકડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.8
શહેરમાં સતત વધી રહેલા રખડતા ઢોરના ત્રાસને રોકવા માટે પાલિકા તંત્ર દ્વારા સક્રિય પગલાં લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં તંત્રએ માત્ર 15 દિવસના ઓછામાં ગાળામાં 100થી વધુ ઢોર પકડીને દંડ વસૂલ્યો છે. ઢોર પકડવાની કામગીરીમાં કોઈપણ પ્રકારના વિઘ્ન ઊભા કરનાર સામે કલમ મુજબ પોલીસ ફરિયાદ કરાશે તેમ તંત્રએ કડક શબ્દોમાં સ્પષ્ટ સંદેશો આપ્યો છે.

યોગ્ય કાર્યવાહી પછી પકડાયેલા ઢોર અંગે એક ઢોર સામે રૂ. 4,000 જેટલો દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. આમ, છેલ્લા પંદર દિવસમાં પકડાયેલા 100 ઢોરના કારણે તંત્રએ અંદાજે રૂ. 4 લાખ જેટલો દંડ વસૂલી લીધો છે. આ રકમ પાલિકા તંત્ર દ્વારા ઢોર શિબિરના ખર્ચ અને ઢોર સંભાળ માટે વપરાશે.

## બાંદ્રા ટર્મિનસ અને ભગત કી કોઠી વચ્ચે વધારાની રક્ષાબંધન વિશેષ ટ્રેન મૂકાઈ

(પ્રતિનિધી) વડોદરા, તા.8
પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તહેવારોની મોસમ રક્ષાબંધનના દરમિયાન તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ અને ભગત કી કોઠી સ્ટેશનો વચ્ચે ખાસ ભાડા પર એક વિશેષ ટ્રેન ચલાવાશે. ટ્રેન નંબર 04828/04827 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ [2 ફેરા] ટ્રેન નં. 04828 બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી સ્પેશિયલ સોમવાર, 11 ઓગસ્ટ, 2025 ના રોજ બાંદ્રા ટર્મિનસથી 10:30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 04:30 વાગ્યે ભગત કી કોઠી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. 04827 ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ રવિવાર,10 ઓગસ્ટ, 2025 ના રોજ ભગત કી કોઠીથી 14:30 વાગ્યે ઉપડશે.


इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

બરોડા શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, એન.ઝેડ પ્લાઝા, ઘી કાંટા રોડ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક,ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તારીખ ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ કરજદાર શ્રી મેસર્સ વેલ્કન એર કોર્પોરેશન ના પ્રોપ્રાઈટર શ્રી અશોક પરમાર, શ્રી બંસીભાઈ પટેલ (જામનદાર) અને શ્રીમતી પુનીતા પરમાર (જામીનદાર) ને અમારી બરોડા શાખા એ ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧,૬૮,૦૮,૨૪૭.૦૦ (રૂપિયા એક કરોડ અડસઠ લાખ આઠ હજાર બસો સુડતાલીસ પુરા) જે સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત એકટના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ અને ૯ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો સાંકેતિક કબજો તારીખ ૦૮/૦૮/૨૦૨૫ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલકત ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક, માટે બાકી પડતી રકમ રૂા.૧,૬૮,૦૮,૨૪૭.૦૦ (રૂપિયા એક કરોડ અડસઠ લાખ આઠ હજાર બસો સુડતાલીસ પુરા) અને તેની ઉપરના વ્યાજ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ના સબ૧૩ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

મિલકત નં. ૧: તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન/બિલ્ડીંગ જી-૧, લાર્ક એવન્યુ, ૩૫ સંપતરાવ કોલોની, આરસી દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૩૯૫૦૦૫ જે શ્રી અશોક પરમારના નામીની મિલકત. જેની ચર્તુદિશાઃ પૂર્વેઃ ઉપરના માળ પર જવાનો રસ્તો, પશ્ચિમેઃ ફ્લેટ નં. જી-૨, ઉત્તરેઃ મેઈન રોડ, દક્ષિણેઃ પાર્કીંગની જગ્યા.

મિલકત નં. ૨: તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન/બિલ્ડીંગ જી-૨, લાર્ક એવન્યુ, ૩૫ સંપતરાવ કોલોની, આરસી દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૩૯૫૦૦૫ જે શ્રી અશોક પરમારના નામીની મિલકત. જેની ચર્તુદિશાઃ પૂર્વેઃ ઉપરના માળ પર જવાનો રસ્તો, પશ્ચિમેઃ ફ્લેટ નં. જી-૧, ઉત્તરેઃ મેઈન રોડ, દક્ષિણેઃ પાર્કીંગની જગ્યા.

તારીખ : ૦૮/૦૮/૨૦૨૫
સ્થળ : બરોડા

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.


**એનએસયુઆઈનો હેડ ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ : ગેટ બંધ કરતા વિવાદ**

# મ.સ.યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના વિવિધ મુદ્દે નિરાકરણ લાવવા માંગ

**સત્તાધીશોએ** તેમના સ્વાર્થ ખાતર હાનિ પહોંચાડી ભણતરનું સ્તર સાવ ખલાસ કરી દીધું હોવાના આક્ષેપ



( પ્રતિનિધી )વડોદરા,તા.8
વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કોમન એક્ટ લાગુ થયા બાદ વિદ્યાર્થીઓને પડી રહેલી મુશ્કેલીઓ તેમજ ગર્લ્સ હોસ્ટેલમાં થયેલ ફૂડ પોઈઝનિંગ ની ઘટના જે બાદ બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પીરસાતા અખાદ્ય ખોરાક સહિત વિવિધ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા પ્રદેશ પ્રમુખ ની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. વિવાદનો પર્યાય બનતી મસયુમાં વિદ્યાર્થીઓને જીકાસ પોર્ટલ પર મુશ્કેલી સર્જાતા અને મેસના કોન્ટ્રાક્ટ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ મેદાનમાં આવ્યું હતું. ધજા પતાકા સાથે સુત્રોચ્ચાર પોકારતા વિદ્યાર્થીઓ હેડ ઓફિસ પહોંચ્યા હતા. જ્યાં કેમ્પસમાં પહેલેથીજ પોલીસ તૈનાત કરી દેવાઈ હતી. જ્યારે, ગેટ બંધ કરાતા ભારે વિવાદ થયો હતો. ગુણવત્તાયુક્ત ખોરાક વિદ્યાર્થીનીઓનો અધિકાર સહિતના લખાણ સાથે એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ સહિત વિદ્યાર્થી કાર્યકરોએ વિરોધ દર્શાવ્યો હતો. વિદ્યાર્થી અગ્રણીઓએ ઈન્ચાર્જ વીસીને રજૂઆત કરી હતી. મેસ માટે એક ટેન્ડર પાસ થયું છે.ત્યારે, સત્વરે વિદ્યાર્થીનીઓના જમવાની વ્યવસ્થા કરાશે.

# પૂર્વ ધારાસભ્ય-જિલ્લા ભાજપ પ્રમુખ સતીષ પટેલના જન્મદિનની ઉજવણીમાં કાર્યકરો જોડાયા

**દર્દીઓ** તથા ગર્ભવતી મહિલાઓને ફ્રૂટ વિતરણ કરાયું



(પ્રતિનિધી) વડોદરા, તા.8
કરજણ બજાર સમિતિ મુકામે પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ સતીશ પટેલના જન્મદિન ઉજવણી કાર્યક્રમમાં બજાર સમિતિનો હોલ નાનો પડ્યો હતો અને અસલ ભાજપ સહિતના 2500 ઉપરાંત કાર્યકરો ઉમટી પડ્યા હતા.

તારીખ 6 ઓગસ્ટ દર વર્ષની જેમ પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ ભાજપ પ્રમુખ સતિષભાઈ પટેલ (નિશાળિયા) ના જન્મદિવસની શુભેચ્છા આપવા માટે કરજણ બજાર સમિતિ મુકામે અસલ ભાજપી , સહકારી તથા નામી અનામી વિશાળ સંખ્યામાં કાર્ય કરો ઉમટી પડ્યા હતા. અને બજાર સમિતિના હોલ સહિત વચલા માળની ઓફિસો અને ભોંય તળિયે પણ લોકો શુભેચ્છા આપવા માટે ઉમટી પડ્યા હતા. વહેલી સવારે સતીષ પટેલે મોટી કોરલ મુકામે મા આશાપુરાના દર્શન કર્યા અને કહોણા મુકામે હનુમાનજીના દર્શન કરી સીતારામ દાસ બાપુના આશીર્વાદ લીધા. કરજણ મુકામે હરિ કૃપા આશ્રમશાળા ના અનાથ બાળકોને દર વર્ષની જેમ સ્વહસ્તે ભોજન કરાવ્યું અને રામવાડી મુકામે દર્શન કરીને આશ્રમમાં ગાયોને ઘાસચારો આપ્યો, તદુપરાંત કરજણ સરકારી દવાખાને તમામ દર્દીઓ તથા ગર્ભવતી મહિલાઓને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ મંત્રી અમિત શાહે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે તારીખ 6 ઓગસ્ટના રોજ આપ જ્યારે નવા વર્ષમાં પ્રવેશી રહ્યા છો ત્યારે આવનારું નવું વર્ષ જીવનના તમામ ક્ષેત્રોમાં ઉત્તરો ઉત્તર પ્રગતિ કારક નિવડે એવી શુભેચ્છા પાઠવી હતી.


**આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ.**
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવ અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
ગોધરા શાખાઃ દુકાન નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવેન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહલ, ગુજરાત-389001
Aadhar Housing Finance Ltd

**એપેન્ડીક્સ-IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના (AHFL) અધિકૃત અધિકારી છે, અને કલમ 13 (12) ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખીત ઋણ લેનારાઓ- ગારન્ટર્સને ડિમાન્ડ નોટીસ જારી કરી હતી જેમાં તેમને નોટીસમાં ઉલ્લેખીત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટીસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતાં આ કારણથી ઋણ લેનારાઓ-ગારન્ટર્સ અને સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો કબ્જો મેળવ્યો છે. ઋણ લેનારાઓનું ધ્યાન મિલ્કત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખીત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે અહીં ઉલ્લેખીત મિલ્કત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખીત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

| અ. નં. | ઋણ લેનાર-સહ ઋણ લેનારનું નામ- શાખાનું નામ | સિક્યોર્ડ મિલકતની વિગત (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000168 / ગોધરા બ્રાન્ચ) રમજાન અબ્દુલસત્તાર ઘાંચી (ઋણ લેનાર) બતુલ રમજાન ઘાંચી (સહ-ઋણ લેનાર) | મિલકતના તમામ ભાગ, જી.એફ. દુકાન નં. 12, રાધેશ્યામ કોમ્પ્લેક્સ ઘાંચેડી ફળિયા રોડ વાર્ડ નં. 4, કાલોલ, પંચ મહલ, ગુજરાત-389330. સીમાઓ: પૂર્વ: માર્ગ ત્યારબાદ દુકાન નં. 7, પશ્ચિમ: દુકાન નં. 11, ઉત્તર: દુકાન નં. 5, દક્ષિણ: માર્ગ ત્યારબાદ દકાન નં. 8. | 12-05-2025 & ₹ 1,76,063/- | 07-08-2025 |
| 2 | (લોન કોડ નં. 17610000239 / ગોધરા બ્રાન્ચ) જશોદાબેન બાબુભાઈ પટેલ (ઋણ લેનાર) બાબુભાઈ મણીલાલ પટેલ (સહ-ઋણલેનાર) | મિલકતના તમામ ભાગ ફ્લેટ નં. એફ-1, એફ-5, પ્રથમ માળ, શ્રીરામ વાટિકા એપાર્ટમેન્ટ, હોટેલ નવજીવન નજીક, પ્લોટ નં. 1-એ, મધાસર, પંચમહલ, ગુજરાત-389001. સીમાઓ: પૂર્વ: બિલ્ડીંગ પેસેજ, પશ્ચિમ: બિલ્ડીંગ પેસેજ ઉત્તર: હાઉસ નં. 1-બી, દક્ષિણ: પ્લોટ નં. એફ-2, એફ-3, એફ-4. | 12-05-2025 & ₹ 3,19,212/- | 07-08-2025 |

સ્થળ: ગુજરાત
તારીખ: 9-8-2025

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ



HDFC BANK We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**
શાખા : એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭.
CIN L70100MH1977PLC019916 વેબસાઈટ: www.hdfc.com

**પઝેશન નોટિસ**

જ્યારે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર/ઓ દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩ (૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. નીચેના ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ)ને ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ પડતા દરે તેમના સંબંધિત નામ સામે ઉલ્લેખિત રકમની સાથે સાથે ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ દરો પર, ઉપરોક્ત નોટિસોની તારીખથી ૬૦ દિવસની અંદર, આનુષંગિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચૂકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી ચૂકવવાનું આહવાન કરે છે.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી કેવત જગદીશ ભૈજનાથ (ઋણલેનાર) શ્રીમતી ઉષા (સહ-ઋણલેનાર) 193577 - 642062371, 645056780, 642062364 | ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ રૂ. ૯,૫૫,૮૩૯/-, રૂ. ૨,૩૫,૮૨૧/- અને રૂ. ૦/- બાકી | ૨૫.૦૩.૨૦૨૫ | ૦૭.૦૮.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-બી ૫૦૨, ૫મો માળ, તુલસી આંગણ, ટાવર બી, એસ નં. ૩૯૬, દાભોઈ દશલાડ ભવનની પાછળ, તુલસી હાઈટ્સ પાસે, પામ ગ્રીનની સામે, આજવા-વાઘોડિયા રિંગ રોડ -૩૯૦૦૧૯ |
| 2 | શ્રી દિપેશ (ઋણલેનાર) શ્રીમતી પાંડે જાગૃતિ દિપેશ (સહ ઋણલેનાર) 195356 - 670564157, 660750155 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૨૩,૯૫,૯૪૦/- અને રૂ. ૧,૮૭,૮૨૨/- બાકી | ૨૩.૦૪.૨૦૨૫ | ૦૭.૦૮.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-જેર-૩૦૧, ત્રીજો માળ, અમરદીપ લેન્ડમાર્ક ફેઝ ૧, ટાવર જે ૨, એસ નં. ૫૭૦/૧, ટી પી - ૨, એફ પી - ૧૪, પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગરગૃહની સામે, અમરદીપ હોમ્સ પાસે, આજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ |
| 3 | શ્રી ઝાલા ઇન્દ્રજિતસિંહ એ (ઋણલેનાર) 196075 - 619186268, 618272049 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૧,૬૭,૬૫૨/- અને રૂ. ૧,૦૬,૫૮૮/- બાકી | ૦૫.૦૫.૨૦૨૫ | ૦૭.૦૮.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ નં. ૪, પહેલો માળ, અમરકૃપા સોસાયટી-એપાર્ટમેન્ટ, એફ પી ન. ૩૫૨, ટી પી ૧૯, વ્રજધામ સંકુલમ પાસે, ઘનશ્યામ નગર પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦૦૧૧ |
| 4 | શ્રી પરમાર ઇસુદાબેન (ઋણલેનાર) શ્રી પરમાર ડાહ્યાભાઈ હીરાભાઈ (સહ-ઋણલેનાર) શ્રી પરમાર જયેશકુમાર (સહ-ઋણલેનાર) 195457- 659580279 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૧૮,૫૯,૮૩૯/- બાકી | ૩૦.૦૪.૨૦૨૫ | ૦૭.૦૮.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-ઈ-૩૦૨, ત્રીજો માળ, કુબેર એક્સપ્રેસન્સ, ટાવર ઈ૧, એસ નં. ૧૪૬, બ્લોક ૧૬૩, ૭૫ મીટર મુખ્ય માર્ગ, કુબેર સિટીની સામે, કપૂરાઈ ક્રોસિંગથી ૧ કિમી, નવા વાઘોડિયા-દાભોઈ રિંગ રોડ, વડોદરા -૩૯૦૦૧૯ |

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે. અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.
ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.
પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે નીચે સહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

એચડીએફસી બેંક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : ૦૮.૦૮.૨૦૨૫
સ્થળ : વડોદરા

રજિસ્ટર્ડ ઓફિસઃ હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રેમન હાઉસ, એચ.ટી.પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રિક્લેમેશન, ચર્ચગેટ, મુંબઇ